# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-05-2026 Day: Saturday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## કેન્દ્રીય ગૃહમંત્રી-કચ્છ મુલાકાત:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભારપૂર્વક કહ્યું, કચ્છમાં સરક્રિક અને હરામીનાળા જેવા સંવેદનશીલ ક્ષેત્રને આગામી બે વર્ષમાં સંપૂર્ણ રીતે સુરક્ષિત કરાશે. કચ્છના ભુજમાં ભારત-પાકિસ્તાન સરહદ પર વ્યૂહાત્મક રીતે મહત્વના જી-સાત અને જી-13 બોર્ડર આઉટપોસ્ટ્સ એટલે કે, સહાયક ચોકીનું ઉદ્ઘાટન કર્યા બાદ જવાનો અને જાહેરસભાને સંબોધતાં શ્રી શાહે કહ્યું, દેશની વસતિ વિષયક સ્થિતિને સલામત રાખવા આપણી સરહદોને સુરક્ષિત કરવી અને ગેરકાયદે સ્થળાંતરને રોકવું ઘણું મહત્વનું છે.

શ્રી શાહે નવા ચતુર્ભુજ સુરક્ષા માળખાની રજૂઆત સાથે સરહદ વ્યવસ્થાપનમાં એક મોટા માળખાકીય પરિવર્તનની પણ જાહેરાત કરી. તેમજ ગત છ દાયકાથી દેશની 'પ્રથમ સંરક્ષણ રેખા' તરીકે સેવા આપવા બદલ બીએસએફની ભૂમિકાને બિરદાવી હતી. માતૃભૂમિ માટે તેમના સર્વોચ્ચ બલિદાન આપનારા બે હજારથી વધુ સરહદ સુરક્ષા દળ - BSFના જવાનોને શ્રી શાહે શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહમંત્રી હર્ષ સંઘવી અને ઉચ્ચ સુરક્ષા અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

---

## કેન્દ્રીય કૃષિમંત્રી-રાષ્ટ્રીય બીજ અનામત:

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે ખેડૂતોને બીજની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે 1 લાખ 74 હજાર ક્વિન્ટલનું રાષ્ટ્રીય બીજ અનામત સ્થાપિત કરવામાં

આવ્યું છે. નવી દિલ્હીમાં ખરીફ અભિયાન 2026 માટે કૃષિ પર રાષ્ટ્રીય પરિષદના બીજા દિવસે મીડિયાને સંબોધતા શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં નવ લાખ 76 હજાર ખેડૂત ઓળખપત્રો બનાવવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે ખેડૂતોને હવે વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે અલગ દસ્તાવેજોની જરૂર રહેશે નહીં.

---------------------------------------------------------------------------------------------------

## ચુંટણીપંચ-SIR પ્રક્રિયા દીવ-દમણ:

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી તથા દમણ-દીવમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયા હાથ ધરાઈ છે. આ અંગે સચિવાલય ખાતે મુખ્ય રાજકીય પક્ષના આગેવાનો સાથે બેઠક યોજાઇ. તેમાં તેમને S.I.R. અંગે વિસ્તૃત માહિતી અપાઈ હોવાનું દાદરા અને નગરહવેલી તથા દમણ-દીવના મુખ્ય ચૂંટણી અધિકારી અરુણ ટી-એ જણાવ્યું.

---------------------------------------------------------------------------------------------------

## હવામાન:

રાજ્યના કેટલાક જિલ્લામાં આજથી આગામી ચોથી જૂન સુધી ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, ગીર સોમનાથ, દમણ તથા દાદરા અને નગરહવેલી જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર આજે માવઠાની આગાહી છે. દરમિયાન આ વખતે રાજ્યમાં સામાન્ય કરતા ઓછો વરસાદ રહેવાની પણ સંભાવના હોવાનું શ્રી દાસે વધુમાં જણાવ્યું.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટી-નવી શિક્ષણ નિતિ:

કચ્છ યુનિવર્સિટીમાં નવી શિક્ષણનીતિના અમલ અન્વયે કચ્છની 19 કોલેજમાં સ્નાતક કક્ષાએ ચોથું વર્ષ શરૂ કરવાને એકેડેમિક કાઉન્સિલે મંજૂરી આપી દીધી છે, તો માસ્ટર્સના નવા

**અભ્યાસક્રમને પણ એકેડેમિક કાઉન્સિલે મંજૂરી આપી છે. એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં લેવાયેલા આ નિર્ણય અંગે વિગત આપતાં કચ્છ યુનિવર્સિટીના કુલસચિવ ડો. અનિલ ગોરે જણાવ્યું કે, નવી શિક્ષણનીતિ અંતર્ગત સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અભ્યાસક્રમનાં માળખાંમાં ફેરફાર કરવામાં આવ્યો છે.**

**-----------------------------------------------------------------------------------------------**

ક્રિકેટ-IPL:

**ગુજરાત ટાઇટન્સની ટીમે આઈ.પી.એલની બીજી ક્વોલિફાયર મેચમાં રાજસ્થાન રોયલ્સને 7 વિકેટ હરાવી અંતિમ જંગમાં પ્રવેશ કર્યો છે. ન્યૂ ચંદીગઢ ખાતેની મેચમાં રાજસ્થાનની ટીમના 6 વિકેટે 214 રનના જવાબમાં ગુજરાતની ટીમે 3 વિકેટ ગુમાવી 219 રન કરી મેચ જીતી લીધી હતી. સુકાની શુભમન ગિલે સૌથી વધુ 104 રન અને સાઇ સુદર્શને 58 રન કર્યા હતા. એ અગાઉ રાજસ્થાનની ટીમે 6 વિકેટ ગુમાવી 214 રન કર્યા હતા વૈભવ સૂર્યવંશીએ સહુ થી વધુ 96 રન કર્યા હતા. જ્યારે રવિન્દ્ર જાડેજા 45 અને ડોનોવાન ફરેરા 38 રન કરી નોટ આઉટ રહ્યા હતા. કાગીસો રબાડા અને જેસન હોલ્ડરે બે-બે વિકેટ ઝડપી હતી.**

**-----------------------------------------------------------------------------------------------**

કચ્છ-RTE-શાળા પ્રવેશ:

**કચ્છ જીલ્લામાં રાઈટ ટુ એજન્યુકેશન-RTE હેઠળ બીજો રાઉન્ડ જાહેર કરાયો છે, જેમાં 189ને પ્રવેશ અપાયો છે, જેની જાણ મેસેજ દ્વારા વાલીઓને કરવામાં આવી છે અને ચોથી જૂન સુધી શાળામાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે અન્યથા પ્રવેશ રદ થશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સંજય પરમારે વિગતો આપતાં જણાવ્યું હતું કે, RTE હેઠળ પ્રથમ રાઉન્ડમાં 2,268ને પ્રવેશ મળ્યો હતો, જયારે હવે બાકી ખાલી રહેલી જગ્યા પર પ્રવેશનો દ્વિતીય રાઉન્ડ શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે, જેમાં 189 વિદ્યાર્થીને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે.**